જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૫/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૬૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૩૨૪ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮૭ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૧૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૬૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૬૭/૨૦૨૬**

કાગડાપીઠઃ અલ્કાબહેન વા/ઓ ભરતલાલ જયસ્વાલ (ઉ.વ.૫૯)(રહે.નિતીનનગર, ડોંગરગાવ રોડ, તા.શાહદા જી.નંદુરબાર, મહારાષ્ટ્ર)એ તા.૧૦/૦૫/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૬ સવારના ૬/૩૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન ગીતામંદિર એસ.ટી.બસ સ્ટેશન થી જમાલપુર બ્રીજ પાસે આવેલ AMTS બસ ડેપો સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન અજાણ્યો રીક્ષા ચાલક તથા રીક્ષામા પાછળની સીટમા બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષોએ ભેગામળી અલ્કાબહેનની નજર ચૂકવી તેમના પર્સમાં મુકેલ નાના લેડીઝ પર્સની ચોરી કરી નાસી ગયા હતા. જે પર્સમાં સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૬૩,૬૦૦/– ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી જે.આર.બલાત ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૬૮/૨૦૨૬**

સરખેજઃ આંબલી ડી–માર્ટની પાછળ ઇન્દ્રપ્રસ્થ બિલ્ડીગ પાસે માસ હાઉસ નામની બિલ્ડીગની લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાંજ મજુરીકામ કરતા સુરજકુમાર સ/ઓ ટુનટુનભાઇ મિસ્ત્રી (ઉ.વ.૨૧)(મુળ વતન:– ગામ.પાવા,પોસ્ટ.દિપનગર જી.નાલંદા બિહાર) તા.૧૦/૦૫/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે માસ હાઉસ બીલ્ડીંગના ચોથા માળે સંડાસ–બાથરૂમના સર્વીસ ડક્ટ માંથી નિચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સરસ્વતી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૫/૨૦૨૬ સાંજના ૫/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૬૯/૨૦૨૬**

વટવાઃ અંશ સ/ઓ આષુતોષ જાતે: રોત (ઉ.વ.૧૮)(રહે.ચિત્રકુટ સોસાયટી ભારતમાતા સોસાયટીની બાજુમા પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા)એ અગમ્ય કારણસર તા.૦૯/૦૫/૨૦૨૬ સાંજના ૪/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી